**eduresourceza.com**

Downloaded from eduresourceza.com

NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2019

# GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours | 100 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 10 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and to present your work neatly.

---

eduresourceza.com

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**SECTION A**

**પ્રશ્ન–૧ નીચે આપેલો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

ધનપાલ શેઠનું નામ ફરતા સો ગાઉમાં જાણીતું હતું. એમનો વેપાર દેશદેશાવરમાં ચાલતો હતો, અને એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી. પેઢીઓ સુધી વપરાતાં ખૂટે નહિ એટલું ધન શેઠ રળ્યા હતા.

શેઠ હવે ઘરડા થયા હતા. એમને ચાર દીકરા હતા. શેઠે એમને પરણાવ્યા હતા, અને એ પણ જીવ પરોવીને વેપારમાં પડેલા હતા. પણ શેઠ ઝીણી બુદ્ધિના હતા, એટલે એક દિવસ એમને થયું, "છોકરાઓએ તો એમનો જીવ વેપારમાં પરોવેલો છે, પણ ઘરમાં એમની વહુઓ કેવી છે એનું પારખું એક વાર કરી લેવું જોઈએ. વહુઓ જો સમજણી અને ઘરરખુ હશે તો એ પોતાના ઘરની આબરૂને વધારશે. નહિ તો હશે તે બધું ય એળે જવાનું."

એમ વિચાર કરી, એક દિવસ એમણે ચારે વહુઓને બોલાવીને કહ્યું, "બેટા, તમને દરેકને હું આજે ડાંગરના પાંચ દાણા આપું છું. કોઈ વાર એ દાણા હું પાછા માગીશ માટે એ સાચવી રાખજો."

એટલું કહી, દરેક વહુને પાંચ પાંચ દાણા આપી, એમણે વિદાય આપતાં કહ્યું, "જાઓ, સુખી થાઓ."

મોટી વહુ જરા ઊછાંછળી હતી. એને થયું, "ડોસા પણ કેવા છે? હીરામાણેક નહિ ને પાંચ દાણા ડાંગરના આપ્યા? આવા મામૂલી દાણાને તે કોણ સાચવી રાખે?"

એમ વિચારી, દાણા ફેંકી દઈ, એ તો નિરાંતે જઈ ને સૂઈ ગઈ. સસરાજીની વાત એને તદ્દન અર્થ વગરની લાગી.

બીજા છોકરાની વહુ જરા લહેરી હતી. એને થયું, "સસરાજીએ આપ્યા છે એટલે દાણા ફેંકી તો ન દેવાય. લાવ, ફોલીને ખાઈ જઉં. સસરાજી માગશે ત્યારે ઘરમાંથી ગમે ત્યારે પાંચ દાણા તરત લાવીને આપી શકાશે." એમ વિચાર કરતી એ પેલા દાણા ફોલીને ખાઈ ગઈ.

ત્રીજા છોકરાની વહુ જરા ઝીણા સ્વભાવની હતી. એને 'ડોસાએ આપ્યા છે તો આ પાંચ દાણા જાળવી રાખવા. પાંચ દાણા સાચવી રાખવા એ કાંઈ ભારે વાત નથી.'

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

એમ વિચાર કરી એણે દાણા એક દાબડીમાં મૂકી દીધા.

સૌથી નાના છોકરાની વહુ ચતુર અને ગુણવાન હતી. એને થયું, "સસરાજીની વાત નકામી ન હોય. એમની વાતમાં કંઈ ઊંડો અર્થ હોવો જોઈએ. પણ પડયા રહેશે તો દાણા બગડી જશે. એના કરતાં એ દાણા હું વવરાવી દઉં તો કેવું ! કણમાંથી મણ થઈ જતાં અનાજને કેટલી વાર ? સસરાજીને એ જરૂર ગમશે."

એમ વિચાર કરી એણે એ પાંચ દાણા પોતાના પિયરમાં મોકલી વવરાવી દીધા. બીજી સાલ થઈ. થયેલા પાકને ફરી વવરાવ્યો. પાક પાકે છે ને વહુ એને ફરી ફરીને વવરાવતી જાય છે. એમ પેલા દાણા વધતા ચાલ્યા. બીજી બાજુ મોટી વહુઓ તો દાણાની વાત પણ ભૂલી ગઈ હતી.



પછી એક દિવસ સસરાએ ચારે વહુઓને બોલાવીને કહ્યું, "બેટા, ડાંગરના પેલા પાંચ દાણા પાછા લાવો."

પહેલી બે વહુઓ હસીને કહે, "બાપુજી, એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ કયાંથી મળે ? કહો તો કોઠીમાંથી પાંચ પાંચ દાણા લાવી આપીએ."

ત્રીજી વહુ કહે, "સસરાજી, મેં તો એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. ઊભા રહો. દાબડી લઈ આવું છું."

એમ કહી, એ દોડી ગઈ, અને દાણાવાળી દાબડી લઈ આવી એણે સસરાજીના હાથમાં મૂકી દીધી.

નાની વહુ આ બધું જોઈ મંદ મંદ હસી રહી હતી. "બેટા, તું કેમ કંઈ બોલતી નથી ? જા, તારા દાણા લઈ આવ." ધનપાલ શેઠે એને કહ્યું.

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

"સસરાજી, એ પાંચ દાણા લાવવા તો મારે પિયેર ગાડાં મોકલવાં પડશે. આજ હવે એ દાણા પાંચ જ નથી રહ્યા. આજ્ઞા કરો તો ગાડાં મોકલી મંગાવી લઉં."

ત્રણે મોટી વહુઓ આશ્ચર્યથી એની વાત સાંભળી રહી.

ધનપાલે પછી વહુઓને કહ્યું, "નાની વહુ તમારા સૌમાં વધુ ચતુર અને ઠરેલ છે. મેં આપેલા પાંચ દાણાનો એણે સાચો ઉપયોગ કર્યો છે. આપણા ઘરનો કારભાર ચલાવવાને એ જ સૌથી વધારે લાયક છે."

ત્રીજી વહુને એમણે કહ્યું, "બેટા, તું ઘરના કોઠારની સાચવણી કરજે." ને પછી બીજી વહુને કહ્યું, "તું રસોડું સંભાળજે. અને આ મોટી ઘરમાં સાફસૂફી કરશે. તમે સૌ પોતપોતાના સ્વભાવને અનુકૂળ કામ હાથ ધરશો તો આપણું ઘર આબાદ રહેશે."

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**અઘરાં શબ્દો:**

ગાઉમાં = ગામમાં
રળ્યા હતાં = કમાયા હતા
તે દહાડે = તે દિવસે
લક્ષ્મી = પૈસા, ધન
ડાંગર = ચોખા
વવરાવું = ઉગાડવા માટે આપવું
મંદ મંદ હસી = ધીમું ધીમું હસી
કારભાર = વ્યવસ્થા
છોળો = અબનડન્સ, છલકાવું
પારખું = કસોટી
જાળવી રાખ્યાં = સાચવી રાખ્યાં
એળે જવાનું = નકામું જવાનું
મામૂલી = નજીવી કિંમત, સાવ ઓછી કિંમત
ઠરેલ = ડાહ્યું
આબાદ = સુખી
આજ્ઞા = આદેશ, હુકમ

૧.૧ શેઠનું નામ શું હતું ? તેમની પાસે શું હતું ? (2)

૧.૨ એમણે ચારેય વહુઓને બોલાવીને શું કહ્યું ? (2)

૧.૩ મોટી વહુએ ડાંગરના પાંચ દાણાનું શું કર્યું ? (2)

૧.૪ બીજા છોકરાની વહુએ ડાંગરના દાણાનું શું કર્યું ? (2)

૧.૫ ત્રીજા છોકરાની વહુએ ડાંગરના દાણાનું શું કર્યું ? (2)

૧.૬ સૌથી નાના છોકરાની વહુએ ડાંગરના દાણાનું શું કર્યું ? (2)

૧.૭ જ્યારે સસરાએ ડાંગરના દાણા પાછા માંગ્યા ત્યારે પહેલી બે વહુઓએ શું કહ્યું ? (2)

૧.૮ જ્યારે સસરાએ ડાંગરના દાણા પાછા માંગ્યા ત્યારે ત્રીજી વહુએ શું કહ્યું ? (2)

૧.૯ જ્યારે સસરાએ ડાંગરના દાણા પાછા માંગ્યા ત્યારે સૌથી નાની વહુએ શું કહ્યું ? (2)

૧.૧૦ સસરાએ દરેક વહુને શું કામ સોંપ્યું ? (2)

**[20]**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

પ્રશ્ન– ૨

૨.૧ નીચે આપેલા શબ્દોના યોગ્ય સમાનાર્થી અર્થ શોધી લખો.
(કોઇ પણ ત્રણ)

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૧.૧ | ધન. | રાત | પૈસા | ધરા |
| ૨.૧.૨ | આબરૂ. | લાજ | આજે | આપવું |
| ૨.૧.૩ | બુદ્ધિ. | કાન | જ્ઞાન | જીભ |
| ૨.૧.૪ | આબાદ. | હમણાં | અજવાળું | સમૃદ્ધ |

(3)

૨.૨ નીચે આપેલા શબ્દોના યોગ્ય વિરોધી અર્થ શોધી લખો.
(કોઇ પણ ત્રણ)

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૨.૧ | આબરૂ | આંગણે | બેઆબરૂ | અપાર |
| ૨.૨.૨ | નાના | નારી | મોટા | સ્ત્રી |
| ૨.૨.૩ | બેટા | બપોર | બેટી | સાસરું |
| ૨.૨.૪ | બગડવું | સુધરવું | બારેમાસ | ખરજવું |

(3)

૨.૩ નીચે આપેલા વાક્યોમાં ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવી લખો.

જેમ કે – નેહા રોજ સાંજે તરવા.......(જવું)
જવાબ : જાય છે

૨.૩.૧ શેઠે પાંચ ડાંગરના દાણા......(આપવું)

૨.૩.૨ ચાર વહુઓને બોલાવીને.......(કહેવું)

૨.૩.૩ વહુને થયું સસરાજીને આ વાત જરૂર .......(ગમવું)

૨.૩.૪ કોઇવાર એ દાણા હું પાછા માંગીશ માટ એ
સાચવીં.....(રાખવું) (4)

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

૨.૪ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ શોધીને ખાલી જગ્યા પૂરો.

(ગુણવાન, દેશદેશાવર, ચતુર, લહેરી)

૨.૪.૧ સૌથી નાના છોકરાની વહુ........... અને .......હતી.

૨.૪.૨ બીજા છોકરાની વહુ......હતી.

૨.૪.૩ એમનો વેપાર..........ચાલતો હતો. (4)

૨.૫ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય વિશેષણ શોધી લખો.

૨.૫.૧ સસરાજીની વાત નકામી ન હોય.

૨.૫.૨ નાની વહુ બધું જોઇ મંદ મંદ હસી રહી હતી.

૨.૫.૩ નાની વહુ તમારા સૌમાં વધુ ચતુર અને ઠરેલ છે. (3)

૨.૬ નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે કહો.

ઉ.ત. નાટક બહુ જ સરસ હતું. જવાબ: ભૂતકાળ

૨.૬.૧ જા, બેટા તારા દાણા લઇ આવ.

૨.૬.૨ પેઢીઓ સુધી ખૂટે નહિ એટલું ધન શેઠ કમાયા હતા.

૨.૬.૩ મોટી વહુ દાણાની વાત ભૂલી ગઈ હતી. (3)

૨.૭ નીચે આપેલ વાક્યોમાંથી સાચી જોડણી પસંદ કરી વાક્યો ફરીથી લખો.

૨.૭.૧ સસરાજી મેં તો એ પાણા/દાણા બરાબર સાચવી રાખ્યા છે.

૨.૭.૨ ડાંગરના/દાગરના પાંચ દાણા પાછા લાવો.

૨.૭.૩ શેઠ હવે ગરદા/ઘરડાં થયા હતા.

૨.૭.૪ મોટી વહુ તો દાણાની વાત/વાટ પણ ભૂલી ગઇ.

૨.૭.૫ એમની વાતમાં કંઇ ઊંડો/ઊનો અર્થ હોવો જોઇએ. (5)

૨.૮ નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.

૨.૮.૧ 'બેટા, તમને દરેકને હું આજે ડાંગરના પાંચ દાણા આપું છું.'

૨.૮.૨ 'સસરાજી, એ પાંચ દાણા લાવવા તો મારે પિયેર ગાડાં મોકલવા પડશે. (5)

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

૨.૯ ચિત્ર વર્ણનઃ નીચે આપેલા ચિત્રને જોઈ પ્રશ્નોના જવાબ લખો.



૨.૯.૧ આ ચિત્રમાં શું શું છે ? (3)

૨.૯.૨ આ ચિત્રમાં પક્ષીઓ શું કરે છે ? (3)

૨.૯.૩ આ ચિત્ર વિશે તમારા વિચારો જણાવો. (3)

૨.૯.૪ નીચેનું વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો.

આ ચિત્રમાં માળી પક્ષીઓને દાણા ખાવા આપે છે. (1)

**[40]**

**60 marks**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

**SECTION B**

**પ્રશ્ન-૩ નીચે આપેલ પદ્યો પરથી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો.**

૩.૧ બા બેઠી"તી રસોઇ કરવા લઇએ પળનો લ્હાવો;
જટા બનાવી ભભૂત લગાવી બચુ બન્યો ત્યાં બાવો.....
"બમ બમ ભોલા અલખ નિરંજન હું છું ખાખી બાવો!
ભિક્ષા માટે આવ્યો, મૈયા ચપટી આટો લાવો!"

૩.૧.૧ બચુએ શેનો વેશ લીધો ? ક્યારે ? (3)

૩.૧.૨ ખાખી બાવો શું બોલે છે ? એ ભિક્ષામાં શું માંગે છે ? (3)

૩.૨ રે પંખીડાં ! સુખથી ચણજો,ગીત વા કાંઇ ગાજો;
શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું;
ના ના કો'દી તમ શરીરને કાંઇ હાનિ કરું હું.
ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં.

૩.૨.૧ કવિ પંખીને શું કહે છે ? (3)

૩.૨.૨ કવિ એ માળીને શું કરવાની ના પાડી છે ? (3)

૩.૩ રામ રાખે તેમ રહીએ ઓધવજી,રામ રાખે તેમ રહીએ.
આપણે ચિઠ્ઠીના ચાકર છઇએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ.
કોઇ દિન રહેવાને બાગ બગીચા,
તો કોઇ દિન જંગલ રહીએ.

૩.૩.૧ મીરાંબાઇ ઓધવજીને શું વાત કરે છે ? (3)

૩.૩.૨ આપણે શા માટે રામ રાખે તેમ રહેવું જોઇએ ? (3)
**[15]**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

પ્રશ્ન– ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. ( કોઇ પણ પાંચ )

૪.૧ ખેડૂતના સુંદર જવાબ સાંભળી રાજાએ શું વચન માંગ્યું ? (3)

૪.૨ રાજાએ ખેડૂતને શું ઇનામ આપ્યું ? શા માટે ? (3)

૪.૩ ખલીફા ઉમરે ઝૂંપડીમાં શો દેખાવ જોયો ? (3)

૪.૪ ખલીફા ઉમરે રાજ્યનો ભંડાર ખોલાવી શું કર્યું ? (3)

૪.૫ આ બનાવ પછી ઉમર જમતાં પહેલાં લાંબા સાદે શું પોકારી બોલતાં ? (3)

૪.૬ મઠના વડાની દ્રષ્ટિએ કોની ભેટ ચડિયાતી હતી ? શા માટે ? (3)

૪.૭ બૌદ્ધ ભિક્ષુએ તાઓની ભેટનો અસ્વીકાર શા માટે કર્યો ? (3)

[15]

પ્રશ્ન– ૫. ફિલ્મ રીવ્યુ

“ તારે ઝમીન પર ” તમારા શબ્દોમાં ફિલ્મ રીવ્યુ લખો.

[10]

**40 marks**

**Total: 100 marks**

Downloaded from eduresourceza.com